શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૧૧ અંક-૭ જૂલાઈ - ૨૦૧૯

છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-

શ્રીગોપીનાથજી મહારાજ, ગઢપુર

અમદાવાદ ગુરુકુલ ખાતે યોજાયેલ ભવ્યાતિભવ્ય રથયાત્રા મહોત્સવના પ્રારંભે ભગવાનનું પૂજન કરતા બહેનો તથા રથયાત્રાનું પ્રસ્થાન કરાવતા સંતો, શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા વગેરે મહાનુભાવો તથા દર્શન કરતા ભક્તજનો

રથયાત્રા પ્રસંગે જગન્નાથ ભગવાનને રથવિહાર કરાવતા સંતો-ભક્તો-શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ, અમેરિકા

ઈન્ટરનેશનલ યોગા ડે નિમિત્તે સમૂહ યોગા કરતા સંતો તથા વિદ્યાર્થીઓ, SGVP

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

વચનામૃતના ઉદ્‌ગાતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૧, જૂલાઈ : ૨૦૧૯, અંક : ૭

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફીસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

કયું રીઝેંગે રામ બંદે...

કયું રીઝેંગે રામ બંદે,
કયું રીઝેંગે રામ;
ઐસા પ્યાર નહિ પ્રભુસે,
જૈસે પ્યારે હે દામ. બંદે૦
તન મેં તોલે જૂઠ મ બોલે,
પૂછત હું કર ભામ;
દેખ વિચારી દિલ કે દેદુ,
રામ પ્યારે કે વામ. બંદે-૧
ઐસી મમત નાયે સાહેબ સે,
જૈસી મમત ઘર ધામ;
હેલ્યા માત્ર હરિ કું સંભારત,
ઉનકું સંભારે આઠું જામ. બંદે-૨
અહુનિશ આલોચન વાકી,
પલ ન પાવે વિરામ;
રુદે જકત ભકત મન માનત,
કૈસે હી સુધરે કામ. બંદે-૩
ચલના ખોટા માન લે મોટા,
ધર્યા જ્ઞાની કા નામ;
નિષ્કુળાનંદ એસૈ ઠગ કે,
ના હે ઠેકાણા ઠામ. બંદે-૪

હનુમાનજીની આરાધના

- પાર્ષદ શામજી ભગત

ભગવાન શ્રીરામચંદ્રજીના અનન્ય સેવક રામદૂત શ્રી હનુમાનજી મહારાજની આરાધના કરવી એ માનવજીવનનો અમૂલ્ય લ્હાવો છે.

ભારતમાં જેનો જન્મ થયો છે અથવા ભારતીય સંસ્કૃતિ પ્રત્યે જેને થોડો પણ લગાવ હશે, તે મનુષ્ય કદાપિ હનુમાનજી મહારાજનો કોઈ રીતે વિરોધ કે નિષેધ નહીં કરી શકે. સમગ્ર રામકથામાં છવાઈ ગયેલા આ ભક્તરાજને કોઈ અંતરથી આરાધે તો તેઓ તત્કાળ તેમને મદદ કરવા પહોંચી જાય છે, એવો અનેક ભક્તોનો અનુભવ છે.

ધર્મજગતનો દરેક માનવી જાણે છે કે હનુમાનજી મહારાજ એ રામચંદ્રજી ભગવાનના ભક્ત છે અને એ કોઈ દેવ કે પરમાત્મા નથી, તો પણ હનુમાનજીની સાધના-આરાધના-ઉપાસના ભગવાન કરતાં પણ વિશેષ રીતે થાય છે, આ મોટું આશ્ચર્ય છે, કારણકે રામચરિત માનસમાં કહ્યું છે કે 'રામ સે અધિક રામ કર દાસા' ભગવાન કરતાં પણ ભગવાનના ભક્ત વિશેષ છે. તેનો પ્રત્યક્ષ પુરાવો હનુમાનજી મહારાજમાં દેખાય છે.

હનુમાનજી મહારાજની આરાધના કરવાનું મૂળ કારણ એક જ છે કે આ જગતમાં જેનો જન્મ થયો છે તેની સાથે સુખ કરતાં દુઃખ વિશેષ રીતે જોડાયેલું હોય છે, એવો દરેકને અનુભવ થતો હોય છે. તેથી સ્વયં હનુમાનજી મહારાજે એવી પ્રતિજ્ઞા લીધેલી છે કે, 'મારા ભગવાનના ભક્તને કોઈ પીડા થાય અને તે ભક્ત મારા પ્રભુ પાસે એ પીડાની ફરિયાદ લઈને જાય અને મારા પ્રભુને કષ્ટ પડે એ મને માન્ય નથી. મારા પ્રભુના ભક્તના દુઃખ મારે જ દૂર કરવા. તેથી કોઈએ ભગવાન રામચંદ્રજી પાસે જવાની જરૂર નથી. સીધા મારી પાસે જ આવો, હું તમારાં દુઃખ દૂર કરી દઈશ.'

હવે કોઈને પ્રશ્ન થાય કે આવી પ્રતિજ્ઞા હનુમાનજીએ ક્યારે કરી ? તો એવા જિજ્ઞાસુઓએ રામચરિતમાનસ અંતર્ગત સુંદરકાંડનો સ્વાધ્યાય ભક્તિભાવથી કરવો આવશ્યક છે.

સુંદરકાંડમાં સમગ્ર રીતે હનુમંત ચરિત્ર જ છે તો પણ તેનું નામ સુંદરકાંડ રાખવામાં આવ્યું, કારણ કે હનુમાનજી મહારાજ ભગવાન રામચંદ્રજીના સ્વરૂપમાં ઓગળી ગયા છે. તેથી જ્યાં જ્યાં રામકથા થતી હોય ત્યાં ત્યાં હનુમાનજી મહારાજ હાજર હોય છે અને હનુમાનજી મહારાજ જ્યાં બિરાજતા હોય ત્યાં બધું જ સુંદર જ હોય. તેથી સુંદરકાંડ વિશે ખૂબ જ સુંદર એક શ્લોક પ્રસિદ્ધ છે.

'વન્દેહં રામચન્દ્રં પવનસુતનં તં સુંદરં સુંદરસ્થં,
સુંદર સુંદરો રામઃ સુંદરે સુંદરી કથા,
સુંદરી સુંદરી સીતા સુંદરે કિમ્ ન સુંદરમ્ !!'

સુંદરકાંડમાં રામ સુંદર છે, કથા સુંદર છે, સીતાજી સુંદર છે. અરે ! લંકા પણ સુંદર છે, તો પછી સુંદરકાંડમાં શું સુંદર નથી ? મતલબ કે બધું જ સુંદર છે. તેથી જ તો હનુમાનજીની લીલાથી ભરપૂર આ પંચમ સોપાન હનુમાનકાંડને બદલે સુંદરકાંડનું યથાર્થ નામ પામ્યો છે.

ઘણા ભક્તો હનુમાનજી મહારાજને પ્રસન્ન કરવા માટે હનુમાન ચાલીસાના પાઠ કરતા હોય છે તેમજ એક પ્રસિદ્ધ મંત્ર 'ૐ નમો હનુમંતે ભયભંજનાય સુખમ્ કુરુ હુમ્ ફટ્ સ્વાહા' એનો પણ જાપ કરતા હોય છે. તેનાથી સાધક-ભક્તને તરત જ ઊર્જા પ્રાપ્ત થાય છે. ઉપરાંત પોતાનાં મનની વ્યથા-પીડા પણ દૂર થતી જાય છે. પરંતુ સુંદરકાંડનો સ્વાધ્યાય છે એ સાધકને કંઈક અનેરી એવી દિવ્ય પ્રેરણા આપે છે. તેના મૂળમાં આ સમગ્ર કાંડમાં એક ભક્તની ગાથા છે. શ્રીરામચંદ્રજીના પરમ સેવક શ્રીહનુમાનજીના પરાક્રમનું પહેલેથી છેલ્લે સુધીનું જે વર્ણન સુંદરકાંડમાં છે તેમાં શૌર્ય સાથે વીરરસનો સમુદ્ર ઉછળે છે, તેથી સુંદરકાંડના પાઠનો આરંભ કરતાની સાથે જ સાધક ઊર્જાવાન બની જાય છે. હનુમાનજીના જાપ કરવા એ ખૂબ જ સારી વાત છે, પરંતુ પોતાની અનુકૂળતા મુજબ અથવા દર શનિવારે કે પછી દર મંગળવારે સુંદરકાંડનો સંપૂર્ણ પાઠ એક આસને બેસીને કરવાથી જે ઊર્જા પ્રાપ્ત થાય છે અને શાંતિનો અનુભવ થાય છે, તે કદાચ અન્ય ઉપાયોથી પ્રાપ્ત નહીં થાય. સુંદરકાંડમાં એવો

જાદુ ભર્યો છે કે તેમાં કરુણરસની કથા હોવા છતાં સતત સાધકની નજર સામે હનુમાનજીનું અષ્ટ સિદ્ધિ ભરેલું સ્વરૂપ પ્રગટ થયા કરે છે.

હનુમાનજી મહારાજ ભારે વિનમ્ર સેવક છે. પોતાનામાં અપાર શક્તિ હોવા છતાં જ્યારે સમુદ્ર ઉલ્લંઘન કરવાની વાત આવે છે, ત્યારે તેઓ શાંત રીતે બેસી રહ્યા છે. તેને ભક્તરાજ જાંબુવન અદ્‌ભુત પ્રેરણા આપે છે અને હનુમાનજી મહારાજ તરત જ રામનું કામ કરવા માટે તૈયાર થઈ જાય છે, ઉત્સાહિત થઈ જાય છે. પછી વિવેકથી જાંબુવનને પૂછી પણ લે છે કે 'મને ઉચિત સલાહ આપો કે, મારે ત્યાં લંકામાં જઈને શું શું કરવાનું છે?' એ જ રીતે જ્યારે પોતે છલાંગ લગાવવા તૈયાર થાય છે, ત્યારે પણ બધાને વંદન કરે છે અને અપાર હર્ષ વ્યક્ત કરીને આત્મવિશ્વાસ વ્યક્ત કરે છે કે, 'હું અવશ્ય ભગવાન રામચંદ્રજીનું કાર્ય પૂર્ણ કરીને જ આવીશ, તમે બધા મારી રાહ અહીં જ જોજો.' આવી નમ્રતા, આવી ભક્તિ, આવી સરળતા સાધકને ઝડપથી સ્પર્શી જાય એવી છે.

સુંદરકાંડની દરેક કથાનો વિચાર કરવામાં આવે તો આ કથાઓ ખૂબ પ્રેરક બની રહે છે. હનુમાનજીની આરાધના કરતાં કરતાં સાધકની અંદર એવી દિવ્ય શક્તિ આવી જાય છે કે પછી તેને આ સંસારમાં, વ્યવહારમાં, સમાજમાં અને કુટુંબમાં કોઈ મુશ્કેલી દેખાતી નથી પરંતુ પોતે જ બીજાના સેવાકાર્યો કરવા તત્પર થઈ જાય છે. આવી દાસત્વભક્તિ અને સેવાભાવના એ હનુમાનજી મહારાજની આરાધના દ્વારા સાધકને પ્રાપ્ત થતી હોય છે. તેના મૂળમાં સુંદરકાંડનો સતત સ્વાધ્યાય, ચિંતન, મનન, નિદિધ્યાસન ખૂબ ખૂબ આવશ્યક છે.

સુંદરકાંડના નાના નાના પ્રસંગો વિચારવાથી પણ ભક્ત ભાવવિભોર બનીને પ્રેરણા પામે છે. જેમ કે મૈનાક પર્વત અને હનુમાનજીનો સંવાદ. સર્પોની માતા સુર સાથે હનુમાનજી મહારાજનું ચતુરાઈપૂર્વકનું વર્તન અને સિંહિકા રાક્ષસીનો નાશ અને લંકાપુરીમાં લંકિની સાથેનો સંવાદ, ભક્તરાજ વિભીષણ સાથેનો સંવાદ, અશોકવાટિકામાં સીતાજી સાથે હનુમાનજી મહારાજનું આશ્વાસનપૂર્ણ વક્તવ્ય અને વર્તન, તેમજ રાવણની સભામાં નિઃશંક મને રામની પ્રશંસા કરતાં હનુમાનજી. ત્યારબાદ લંકાદહન અને સીતાજીને સમજાવીને આશ્વાસન આપી પુનઃ સમુદ્ર પાર કરીને પધારતા હનુમાનજી અને ભગવાન રામચંદ્રજી પાસે સેવાકાર્ય પૂર્ણ કરીને આવેલા હનુમાનજીનું વ્યક્તિત્વ સ્વાધ્યાય કરનારાના અંતરમાં એવું ઊંડું ઊતરી જાય છે કે પોતે સ્વયં ભગવાનનો ભક્ત બની જાય અને હનુમાનજી મહારાજની જેમ ભગવાનની અને ભગવાનના ભક્તોની સેવા કરવામાં તત્પર થઈ જાય. આ જ હનુમાનજી મહારાજની આરાધનાનો ઉદ્દેશ્ય હોય છે.

વચનામૃતમાં શ્રીજી મહારાજે હનુમાનજી મહારાજની દાસત્વભક્તિ અને પતિવ્રતાપણાની ભક્તિના ભારોભાર વખાણ કર્યા છે.

આપણા વડતાલ ધામના પ્રસિદ્ધ તીર્થધામ સારંગપુરમાં બિરાજતા કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજ સૌને પ્રતીતિ કરાવે છે કે, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના સંકલ્પથી સુપ્રતિષ્ઠિત આ સ્વરૂપમાં સતત પ્રત્યક્ષપણે બિરાજમાન હનુમાનજી મહારાજ આપણા સૌના સંકટહર્તા અને તારણહાર છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રીધર્મજીવનદાસજી સ્વામીના નિત્ય સેવાના ઠાકોરજી હરિકૃષ્ણ મહારાજના સિંહાસનમાં વિરાજતા સેવક હનુમાનજી મહારાજનું દર્શન સૌએ કર્યું હશે. આ ઠાકોરજી હનુમાનજી સહિત આજે પણ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની જન્મભૂમિ તરવડામાં સૌને દર્શન આપે છે.

હનુમાનજી મહારાજની આરાધના કરવી, સાધના કરવી, ઉપાસના કરવી વગેરેમાં કોઈ રીતે ક્યાંય બાધ આવતો નથી. હનુમાનજીનો ઉપાસક સદાચારી અને સેવક બની જાય છે. તેથી વિદ્યાર્થી અવસ્થામાં સેવાભાવ સાથે વિદ્યા પ્રાપ્ત કરવા માટે હનુમાનજીની આરાધના અવશ્ય કરવી. તેમજ જેને ઉત્તમ કથાકાર થવું છે તેમણે પણ હનુમાનજી મહારાજની સાધના સુંદરકાંડ, રામાયણ, રામચરિતમાનસ જેવા ગ્રંથોના સ્વાધ્યાય સાથે કરવી. જેમને શારીરિક, માનસિક વ્યવહારિક મુશ્કેલીઓ છે તેમણે પણ હનુમાનજી મહારાજની આરાધના શ્રદ્ધાપૂર્વક કરવી.

હનુમાનજીની આરાધના, સાધના, ઉપાસના કોઈ પણ વ્યક્તિને ધાર્મિક જીવનમાં આગળ લઈ જાય છે. એટલું જ નહીં, પરંતુ તેનામાં વિવેક, બુદ્ધિ, વિનય, વૈરાગ્ય, નિર્ભયતા અને નીતિમત્તા સહિત વક્તૃત્વકલા જેવા સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે. અંતમાં શ્રી હનુમાનજી મહારાજનાં ચરણોમાં વંદન કરીને પ્રાર્થના કરીએ ...

'બુદ્ધિ બલમ્ યશોધૈર્યમ્ નિર્ભયત્વમ્ અરોગીતા,
અજાડ્યમ્ વાક્‌પટુત્વમ્
ચ હનુમત્ સ્મરણાત્ ભવેત.

■■■

વચનામૃત વિશેષ

સર્વશાસ્ત્ર શિરોમણિ વચનામૃત

- શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી

સ્વામી વિવેકાનંદ કહે છે કે, કુબેરના ધનભંડાર કરતાં જ્ઞાનભંડારવાળું પુસ્તક વધુ મૂલ્યવાન છે. બુક-શોપમાંથી આપણે જ્યારે કોઈ પુસ્તક ખરીદીને લાવીએ છીએ ત્યારે કોઈ કિલો કે અડધા કિલાના કાગળ નથી ખરીદતા, પરંતુ એક નવું જીવન ખરીદી લાવીએ છીએ.

ગદ્ય-પદ્યમાં રચાયેલા ગ્રંથોની શ્રેષ્ઠતા તેના લેખકો અને વિષયવસ્તુ પર આધારિત છે. જગતમાં ઉપલબ્ધ સર્વે ગ્રંથોમાં આત્મકલ્યાણનો માર્ગ બતાવતાં પુસ્તકો શ્રેષ્ઠ છે. તેમાં પણ જેમાં સદાચારનો સમન્વય હોય અને અવતાર ચરિત્રો અને ભક્ત ચરિત્રોના પ્રસંગો હોય, તે ગ્રંથ શ્રેષ્ઠ છે. વચનામૃત એવો જ એક ગ્રંથ છે.

આજના આધુનિક બૌદ્ધિક વર્ગને તેમજ રૂઢિચુસ્ત ધારણાઓ, ગ્રંથિઓ કે માનસિકતાઓથી મુક્ત થવા માગતા જીજ્ઞાસુઓને પણ કાન પકડીને સ્વીકારવો પડે એવો ગ્રંથ છે વચનામૃત. વચનામૃત સાંપ્રદાયિક લોકો માટે ચિંતામણિ તુલ્ય છે અને બિનસાંપ્રદાયિક લોકો માટે પારસમણિ તુલ્ય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રેરણાથી સંસ્કૃત, વ્રજ તેમજ ગુજરાતી ભાષામાં વિપુલ પ્રમાણમાં સાહિત્યની રચના થયેલી છે. આ રચનાઓમાં ગદ્ય સાહિત્ય પણ છે અન પદ્ય સાહિત્ય પણ છે. આ બધા જ સાહિત્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ઉદ્‌બોધિત વચનામૃત શિરમોડ છે, જે ગુજરાતી ભાષામાં ગદ્ય સાહિત્યનો ગ્રંથ છે.

પ્રખર વિદ્વાન્ અને તત્ત્વચિંતક મણિલાલ પારેખ વચનામૃત વિશે લખે છે કે, 'આ ગ્રંથે ગુજરાત પ્રદેશના પ્રાકૃત સાહિત્યના એક સર્વોત્કૃષ્ટ ગ્રંથ તરીકેનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે, આટલા વિશાળ ગ્રંથના સેંકડો પૃષ્ઠોમાં તમને એક પણ બિનજરૂરી શબ્દ કે અસ્થાને આવેલો વિચાર મળવો ભારે કઠણ પડશે, ખરેખર વચનામૃત એ એક વિશિષ્ટ કૃતિ છે.'

કોઈપણ ગ્રંથની શ્રેષ્ઠતાના મુખ્યત્વે ત્રણ માપદંડ છે.(૧) ગ્રંથ લેખનનો હેતુ-ઉદ્દેશ, (૨) લેખકને વિષય પરત્વેની સંપૂર્ણ સ્પષ્ટ સમજ અને (૩) ગ્રંથની ભાષા-શૈલી.

ગ્રંથ લેખન પાછળના અનેક હેતુઓ હોઈ શકે છે, જે સ્વાર્થ, પરાર્થ કે સર્વાર્થે પણ હોઈ શકે. કેટલાક લેખકો સ્વાન્તઃ સુખાય લેખન કરે છે, કેટલાક લેખકો અર્થોપાર્જન માટે લખે છે, કેટલાક લોકો આત્મપ્રસિદ્ધિ માટે લખે છે, કેટલાંક લેખકો શોખ ખાતર લખે છે. પરંતુ સર્વજનહિતાય અને સર્વજનસુખાય લખનારા બહુ ઓછા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની કલમ આ લોક અને પરલોકમાં સર્વ જીવપ્રાણીમાત્રના સુખનો નિર્દેશ કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૩ મા વચનામૃતમાં કહે છે, "આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટપ વધારવા સારું નથી કરવી...એ વાત કોઈને સમજાઈ જાય તો એના જીવનું અતિ રૂડું થાય તે સારું કરીએ છીએ."

ગ્રંથની ઉત્કૃષ્ટતાનું બીજું માપદંડ છે, લેખકને વિષય પરત્વેની સંપૂર્ણ અને સ્પષ્ટ સમજ. વચનામૃત મોક્ષમૂલક ગ્રંથ છે. અનેકવિધ સાધના કરીને સાધ્ય એવા પુરુષોત્તમ નારાયણ ભગવાનની પ્રાપ્તિ થાય એ ગ્રંથની ફળશ્રુતિ છે. જેની પ્રસન્નતાએ કરીને મોક્ષ મળે છે અને જે આ ગ્રંથનો મુખ્ય વિષય છે એવા જે પુરુષોત્તમ નારાયણ પરમાત્મા સ્વયં આ ગ્રંથના ઉદ્‌ગાતા છે, માટે વિષય પરત્વેની ગેરસમજ કે અપૂર્ણ માહિતીની કોઈ શંકાને સ્થાન રહેતું નથી.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૧૩ મા વચનામૃતમાં કહે છે, "તેજને વિશે એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે, તોપણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશય શ્વેત જણાય છે અને તે મૂર્તિ દ્વિભૂજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે...અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ...તે તેજને વિશે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ

છે એમ જાણજો.''

ગ્રંથની શ્રેષ્ઠતાનું ત્રીજું માપદંડ છે, ગ્રંથની ભાષા-શૈલી. ગાંધીવાદી વિચારધારાના પ્રસિદ્ધ ચિંતક કિશોરલાલ મશરૂવાલા વચનામૃતની ભાષાશૈલી વિષે પોતાનો અભિપ્રાય આપે છે કે, ''વચનામૃતની ભાષા બહુ મદ્દાસર, ટૂંકી, એક જ અર્થ દર્શાવનારી છે. થોડું ભણેલાને પણ સમજાય તેવા સહેલા શબ્દો અને સરળ વાક્યરચનાવાળી છે. જરૂર પડે ત્યાં અર્થને સ્પષ્ટ કરે એવા દૃષ્ટાંતોવાળી છે, એમાં યોગ્ય ઠેકાણે યોગ્ય શબ્દોનો જ ઉપયોગ દેખાશે, એમાં કોઈ ઠેકાણે ભ્રમકારક, સંશયાત્મક કે મોળી વાત જોવામાં નહીં આવે. એમાં ઠેકાણે ઠેકાણે એ વચનો કહેનારનો સ્વાનુભવ પ્રત્યક્ષ થાય છે.''

ગમે તેવું ન લખો, સૌને ગમે તેવું લખો. પશ્ચિમ જગતના મહાન ચિંતક નેથેલિયન હોર્થોનનું કહેવું છે કે, 'વાંચવામાં સરળ લાગે એવું લખવું ખૂબ જ અઘરું છે.'

ગ્રંથની ભાષા સરળ, વિશુદ્ધ, રોચક, નિર્દંભ, શ્રેયસ્કર, વાસ્તવિક અને અર્થવાહી હોવી જોઈએ. વચનામૃતની પ્રશ્નોત્તર સાથે સીધાં-સાદાં દૃષ્ટાંતોથી સમજાવવાની શૈલી અદ્‌ભૂત છે. વચનામૃતની શૈલી લોકપ્રિસદ્ધ, સુબોધ અને રસાળ છે. જે કોઈ વ્યક્તિ વચનામૃતનો એક પાઠ કરે તેને ગુજરાતી કડકડાટ વાંચતા આવડી જાય. વચનામૃતની શૈલી સરળ, મિતાક્ષરી, ચોટદાર તેમજ ચમત્કારિક છે. વચનામૃતના શબ્દો બહુ કઠિન, અપરિચિત કે સંશયવાળા નથી.

વચનામૃતની ભાષા ગામડાંના અભણ માણસને પણ સમજાઈ જાય એવી સરળ અને વિદ્વાનોને વિચારતા કરી દે એવી ગહન છે. શ્રીજી મહારાજ વડતાલના ૮માં વચનામૃતમાં ધ્યાનયોગની વાત કરતા કહે છે કે, ''ધ્યાનનો કરનારો જે યોગી તે ક્યારેક તો ભગવાનના સ્વરૂપ સંધાથે સંલગ્ન થઈ જાય છે ને ક્યારેક તો અંતઃકરણને વિશે રહે છે ને ક્યારેક તો અંતઃકરણ ને ભગવાન તેના મધ્યે રહે છે.''

ધ્યાનયોગની આ જ વાતને ભગવાન શ્રી સ્વામિનારાયણ સરળ દૃષ્ટાંત સાથે સમજાવતા કહે છે, ''જેમ કરોળિયો હોય તે પોતાની લાળને એક સ્તંભથી બીજા સ્તંભ સુધી લાંબી કરે પછી એ કરોળિયો ક્યારેક તો આ સ્તંભ ઉપર જાય ને ક્યારેક તો ઓ સ્તંભ ઉપર જાય ને ક્યારેક બે સ્તંભને મધ્યે બેસે. તેમ કરોળિયાને ઠેકાણે જીવ છે ને એક સ્તંભને ઠેકાણે ભગવાનની મૂર્તિ છે ને બીજા સ્તંભને ઠેકાણે પોતાનું અંતઃકરણ છે ને લાળને ઠેકાણે વૃત્તિ છે.''

ગામડાના માણસોએ પણ કરોળિયાની લાળ અને તેના પર ચાલતો કરોળીયો જોયો હોય. સરળ દૃષ્ટાંતથી ધ્યાનયોગની આવી આગવી સમજ ભાગ્યે જ કોઈ ગ્રંથમાં જોવા મળે છે.

ગુજરાતી ભાષાના પ્રખર વિદ્વાન્ અને તત્ત્વચિંતક મણિલાલ પારેખ વચનામૃતની શૈલી વિશે લખે છે કે, ''આ ગ્રંથમાં શુદ્ધ સિદ્ધાંતોને એટલી સાદી, સરળ છતાં એટલી જ રસાળ શૈલીમાં રજૂ કરવામાં આવ્યા છે કે અભણને અઘરું ન લાગે અને વિદ્વાનને સહેલું ન લાગે, સમગ્રપણે જોતાં વચનામૃત ભારતીય શાસ્ત્રનો એક સર્વોત્તમ ગ્રંથ છે.''

લેખનશૈલીમાં અતિશયોક્તિ ગ્રંથને નિમ્ન બનાવે છે. દુનિયામાં વિચારકો અને લેખકો ઘણા છે પણ અતિશયોક્તિ વગર તટસ્થ લખનારા બહુ ઓછા છે. ઘણા લેખકો જે વિષય ઉપર લખે તે વિષયને જ સર્વોત્કૃષ્ટ સાબિત કરતા જણાય છે અને એ માટે વિષયેતર અન્યને નિકૃષ્ટ કરવામાં જરા પણ સંકોચ અનુભવતા નથી. જેમકે, મા જેવો બીજો કોઈ ભગવાન નથી, કારણ કે ભગવાનને પણ પૃથ્વી પર અવતાર લેવા માટે એક માની કૂખે જન્મ લેવો પડે છે. આ વાક્યમાં લેખક માતાનો મહિમા અવશ્ય કહે છે, પરંતુ અતિશયોક્તિ એ છે કે માનો મહિમા છે પણ ભગવાન કરતા અધિક નહીં અને સાથોસાથ ભગવાન કોઈ માને કૂખે જ અવતાર લે એવો કોઈ નિયમ નથી, ભગવાન તો સ્વતંત્ર અને સર્વસમર્થ છે.

વચનામૃતમાં ક્યાંય અતિશયોક્તિ જોવા મળતી નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણ સત્યવક્તા છે. શ્રીજી મહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૧૩ મા વચનામૃતમાં કહે છે, ''આ સંસારને વષે જે અતિ રૂડો શબ્દ,ગંધ, સ્પર્શ, રુપ, રસ એ જે પંચવિષય તેમાં હું મારાં મનને બાંધવાને ઇચ્છું તોપણ નથી બંધાતું ને એમાં અતિશય ઉદાસ રહે છે, અને એ જે સારા પંચવિષય અને

નરસા પંચ વિષય તે બેય સમ વર્તે છે." એમ કહીને મહારાજે સર્વે પરમહંસના સમ ખાધા છે.

પોતાની ઉત્તમ સ્થિતિની વાત કરીને શ્રીજી મહારાજ સર્વે પરમહંસના સમ ખાય છે, એટલું જ નહિ, સાથોસાથ મુમુક્ષુવર્ગને ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮માં વચનામૃતમાં સચેત પણ કરે છે કે, "અમારો વાદ લઈને જાણે જે ઉપાધિમાં રહીને શુદ્ધપણે રહીશું તે તો નારદ-સનકાદિક જેવો હોય તેથી પણ રહેવાય નહિ."

વચનામૃત એકને એક વિષયની પુનરાવૃત્તિથી રહિત ગ્રંથ છે. વચનામૃતમાં કોઈ કોઈ જગ્યાએ એકને એક પ્રશ્ન અનેકવાર પૂછાયો જણાય છે, પરંતુ પાત્રની તારતમ્યતા મુજબ ભગવાન શ્રી સ્વામિનારાયણ એ પ્રશ્નના સાચા અને વિભિન્ન રીતે પ્રત્યુત્તર આપ્યા છે, જેને પુનરાવૃત્તિ ન ગણી શકાય. દા.ત. વચનામૃતમાં અનેક વખત માયાના સ્વરૂપ વિષયક પ્રશ્ન પૂછાયો છે, પરંતુ દરેકના જવાબમાં પ્રશ્ન પુછનાર વ્યક્તિની પાત્રતા અનુસાર વિભિન્નતા હોવા છતાંય સચ્ચાઈનું નિદર્શન છે.

શ્રીજી મહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં કહે છે, "ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા જે પદાર્થ આડું આવીને આવરણ કરે તેને માયા કહીએ." શ્રીજી મહારાજ સારંગપુરના ૧૪મા વચનામૃતમાં કહે છે, "પ્રમોદ અને મોહ એનું જ નામ માયા છે." ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૨મા વચનામૃતમાં કહે છે, "પ્રકૃતિ છે તે ત્રિગુણાત્મક છે ને જડચિદાત્મક છે ને નિત્ય છે ને નિર્વિશેષ છે અને મહદાદિક સમગ્ર તત્ત્વ અને જીવમાત્ર તેનું ક્ષેત્ર છે અને ભગવાનની શક્તિ છે."

કદાચ ક્યાંક પુનરાવૃત્તિ જેવું જણાય તોપણ વિદ્વાનોનો મત છે કે, पौनःपुन्यमलंकृतिः - અર્થાત્ અર્થની સ્પષ્ટતા માટે થયેલી પુનરુક્તિ દોષ નથી, પરંતુ અલંકાર છે. સુખબોધ માટે વાક્યનું સ્વરૂપ વધે તોપણ તેમાં વાક્યની સાર્થકતા છે. એક દૃષ્ટિએ દરેક વચનામૃતોનો ઉપદેશ ભિન્નભિન્ન ગામોમાં, ભિન્નભિન્ન સમયે, ભિન્નભિન્ન પ્રાશ્નિક વ્યક્તિઓને ઉદ્દેશીને થયેલો હોવાથી પુનરુક્તિ દોષની સંકલ્પના જ અસ્થાને સાબિત થાય છે.

કોઈપણ ગ્રંથની શ્રેષ્ઠતા માટે ગ્રંથના અનુબન્ધ ચતુષ્ટય ખૂબ મહત્ત્વના હોય છે. વચનામૃત ગ્રંથનો વિષય વેદપ્રતિપાદિત પરબ્રહ્મ પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. આ ગ્રંથના અધિકારી ભગવાનની પ્રાપ્તિના ઇચ્છાવાળા આબાલવૃદ્ધ સૌકોઈ મુમુક્ષુ છે. આ ગ્રંથનું પ્રયોજન દરેક જીવનું આત્યંતિક કલ્યાણ કરવાનું છે. વચનામૃતમાં વાંચક અને ગ્રંથ વચ્ચેનો સંબંધ સાધક-સાધ્યભાવનો કે ઉપાસક-ઉપાસ્યભાવનો છે. ખરેખર વચનામૃત સ્વામિ-સેવકભાવે ઉપાસના શીખવાડતો ગ્રંથ છે.

વચનામૃત અક્ષરધામનું અમૃત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનો રૂપી અમૃતનો મહાસાગર છે વચનામૃત. શ્રીજી સમકાલીન સંતો વચનામૃતને ટૂંકી ભાષામાં અમૃત કહેતા. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ એકવાર જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરના સભામંડપમાં થાંભલીની ટેકે બેઠા બેઠા નાના સાધુને કહ્યું હતું કે, "સાધુરામ, અમૃત લાવો, અમૃત ત્યારે નાના નવા સંત સમજ્યા નહીં એટલે સ્વામીએ કહ્યું, સાધુરામ અમૃત એટલે વચનામૃત લાવો."

વચનામૃત તો અમૃત કરતા પણ અધિક છે, કારણ કે અમૃત અમર બનાવે અને વચનામૃત તો અજર અમર બનાવી અક્ષરધામની પ્રાપ્તિ

કરાવે છે. વચનામૃતનું પાન કરવાથી કાળ, કર્મ અને માયાના ભયથી કાયમી મુક્તિ મળે. અમૃતના માત્ર દર્શનથી અમર ન થવાય, એનું પાન કરવું પડે અને એટલે જ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી પોતાના પ્રવચનોમાં કહે છે કે, 'વચનામૃત માત્ર પાઠનો વિષય નથી પણ પાનનો વિષય છે.'

વચનામૃત ઉત્તમ ગ્રંથ એટલા માટે છે કે આ ગ્રંથમાં પ્રસિદ્ધ લોકોક્તિ અને વેદ-સ્મૃતિના મંત્રો અને કહેવતોના આપાતરમણીય અર્થોને સવળા અને સાર્થક કરી બતાવ્યા છે. વેદોનો મંત્ર છે, एकोऽहं बहुस्यां प्रजायेय – કેટલાંક ભાષ્યકારો આ મંત્રનો ભળતો અર્થ કરે છે કે પ્રલયકાળને વિશે જે એક ભગવાન હતા તે જ પોતાની ઇચ્છાએ કરીને સૃષ્ટિકાળે સર્વ જીવ-ઈશ્વરપણાને પામીને અનેક રૂપે થયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આ વૈદિક મંત્રને સાચો અને સાર્થક કરતા ગઢડા પ્રથમ પ્રકરણના ૪૧મા વચનામૃતમાં કહે છે, "એક પુરુષોત્તમ ભગવાન છે તે અંતર્યામી રૂપે કરીને એ સર્વેને વિશે પ્રવેશ કરીને રહ્યા છે પણ જીવ-ઈશ્વરપણાને પામીને બહુરૂપે નથી થયા."

લોકમાં એક પ્રસિદ્ધ ઉક્તિ છે, अन्ते या मतिः सा गतिः – અંતકાળે જેવી મતિ હોય તેવી ગતિ થાય પણ આ લોકોક્તિનું આવો અર્થ કરતા ગમે તેવા પાપીનું પણ અંતકાળે શુભમતિએ કરીને કલ્યાણ થાય પરંતુ એ સાર્થક નથી. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૧૪મા વચનામૃતમાં આ લોકોક્તિને સાર્થક કરતા કહે છે કે, "જેવી હમણાં મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે."

ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કહેવત છે કે, 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા.' મન પવિત્ર હોય તો ઘરની કથરોટનું પાણી પણ ગંગાજળ જ છે. આવું કહેતા ગંગાજીનો મહિમા ઘટે છે અને કથરોટનું પાણી અને ગંગાજીના પાણીની સમાનતા સિદ્ધ થાય છે જે અયુક્ત છે. હજારો લોકો ગંગાજીમાં સ્નાન કરી પુણ્યશાળી બને છે. વચનામૃતમાં શ્રીજી મહારાજે સામાન્ય પથ્થર અને શાલિગ્રામને સરખા નથી કહ્યા, સામાન્ય જળ અને ગંગાજી જેવી પવિત્ર નદીઓને સમાન નથી કહ્યા.

ઘણા લોકો આ કહેવતને એક એવો અર્થ પણ કરે છે કે, મન શુદ્ધ હોય તો કોઈ માયિક પંચ વિષયોના પ્રસંગમાં આવે તોપણ પુરુષ પવિત્ર રહે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૩૫મા વચનામૃતમાં કહે છે કે, "સ્ત્રી-પુરુષને પરસ્પર સહવાસ થાય ને એનો ધર્મ રહે, એવી તો આશા રાખવી નહીં."

વચનામૃત અપૌરુષેય વાણી છે. શાસ્ત્રકારો અપૌરુષેયની વ્યાખ્યા કરતા કહે છે...

प्रमाणान्तरेण अर्थमुपलभ्य विनिर्मितत्वं पौरुषेयत्वम्, तद्विन्नवाक्यत्वम् अपौरुषेयत्वम्।

જે ગ્રંથના અર્થ કે સિદ્ધાંતને સિદ્ધ કરવા માટે અન્ય પ્રમાણની અપેક્ષા રહે તે પૌરુષેય છે અને જે સ્વયંસિદ્ધ હોય, સ્વયં પ્રમાણિત હોય તે અપૌરુષેય છે. વચનામૃત અને વેદની ભૂમિકા સમાન છે, વેદ અપૌરુષેય છે તેમ વચનામૃત પણ અપૌરુષેય છે.

વચનામૃત પુરુષની વાણી નથી, પુરુષોત્તમની વાણી છે. વચનામૃત પરાવાણી છે. ભાગવતજીની વ્યાસપીઠ શુકતાલમાં ગંગાજીને કિનારે વટવૃક્ષ છે, ભગવદ્ ગીતાની વ્યાસપીઠ કુરુક્ષેત્રનું મેદાન છે અને વચનામૃતની વ્યાસપીઠ અક્ષરધામ છે.

માયા પારની ભૂમિકાએથી વ્યક્ત થયેલી વાણી પરાવાણી કહેવાય. ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃતો મૂળ પ્રકૃતિથી પારની પીઠેથી બોલાયેલા છે. દિવ્ય અને અલૌકિક ભૂમિકાએથી બોલાયેલા છે. ગુણાતીત અવસ્થાએથી બોલાયેલા છે. બ્રાહ્મી વ્યાસપીઠેથી બોલાયેલા છે.

શ્રીજી મહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં કહે છે, મારા હૃદયને વિષે તેજ વ્યાપી રહ્યું છે અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે... અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકાં બોલીએ છીએ, આ ગઢડું શહેર કે આ ઓસરી કાંઈ દેખાતું નથી.

એ તેજને વિષે રહેલા ભગવાન સ્વયં શ્રીજી મહારાજ છે. એ વાતની સ્પષ્ટતા કરતા સદ્‌ગુરુ શતાનંદ સ્વામી શ્રીહરિવાક્યસુધાસિન્ધુમાં લખે છે,

भूरितेजसि यः प्रोक्तो भगवान् दिव्यविग्रहः।
मामेव तं तु जानीत स्थितमत्र नराकृतिम्॥

तरङ्ग-१४६, श्लोक-६३॥

સ્વામી શ્રી સચ્ચિદાનંદજીએ ઈ.સ. ૧૯૯૯મા બાપુનગર-અમદાવાદ ખાતે પોતાના એક પ્રવચનમાં કહ્યું છે કે, વચનામૃત વાંચતા એવી તુર્ત જ પ્રતીતિ થાય છે કે આ પરાવાણી છે અને બોલનાર કોઈ સાધારણ નથી.

આમ, આ બધી બાબતોને તટસ્થ દૃષ્ટિએ મૂલવતા ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃતો સર્વશાસ્ત્ર શિરોમણિ છે. ■■■

કસોટી સુવર્ણની થાય, કથીરની નહીં !

- સાધુ ચરણવલ્લભદાસ

હૃદયમાં રહેલો ગાઢ અંધકાર આત્મજ્યોતિ વિના દૂર થતો નથી. આત્મજ્યોતિ પ્રગટાવી એ જ્યોતની મધ્યે ઈષ્ટદેવને પધરાવતા જન્મોજન્મની ખામીઓ ભાંગી જાય છે, ભાગી જાય છે. આપણા આ કાયા મંદિરમાં સવેળા દીપ પ્રગટાવવા, પરમાત્માને પધરાવવા નિષ્ઠારૂપી દીવાસળીની જરૂર પડે છે. ઈષ્ટદેવના નિષ્ઠારૂપી સ્તંભને પકડી સાધક જ્યારે સાધના માર્ગે પ્રયાણ કરે છે ત્યારે માર્ગમાં આવતી નાની-મોટી કસોટીઓમાંથી પસાર થવું ખૂબ સરળ થઈ જાય છે. કસોટી કાચા મનને પાકું બનાવે છે. અવિનાશીના ઘરમાં રહેવું હશે તો કાચા મનનાં ચણતર કામમાં ન આવે. શરીરની શોભા અને મુખની કાંતિ ધૂળમાં ભળતા વાર ન લાગે, પરંતુ ઈશનિષ્ઠા હશે તો કસોટીઓનો ભાર ઝીલાય અને હરિપ્રેમના હીરા ઝગમગાટ કરી ઊઠે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની કસોટીમાંથી પસાર થઈને એવા કેટલાય હીરાઓ ઝગમગી ઊઠ્યા હતા અને ભવપાર ઊતરી ગયા હતા. એ ભક્તોમાં કેટલાક મુસ્લીમ ભક્તોનો પણ સમાવેશ થાય છે.

ગોંડલના શેખમીયાં ભગવાન શ્રીસ્વામિનારાયણના અનન્ય આશ્રિત હતા. તેઓ જ્ઞાતિએ મુસ્લીમ હતા, છતાં એમની રહેણી-કરણી હિન્દુથી સવાઈ હતી. શ્રીહરિનું હુંફાળું સાંનિધ્ય પ્રાપ્ત થતાં શેખમીઆંનાં હૃદયમાં ભક્તિના વાવેતર થયા હતા, શ્રીહરિ પ્રત્યે ઊંડી આસ્થા અને અચળ નિષ્ઠા બંધાઈ હતી. એમનું પહેરણ જાડું હતું, બુદ્ધિ જાડી હતી, પરંતુ એમની સમજણ ઝીણી હતી.

શેખમીયાં જ્યારે જ્યારે શ્રીજી મહારાજનાં દર્શને આવે ત્યારે પ્રભુ એમને પ્રેમથી બોલાવે, પોતાની પાસે બેસારે, ઘરના સમાચાર પૂછે, પ્રસાદી આપે, ઉતારા-પાણીની વ્યવસ્થા કરાવે અને જેટલા દિવસ રોકાય તેટલા દિવસ તેમની સંભાળ રખાવે. વળી જતી વખતે મીયાંજીનો આદર-સત્કાર કરી ભેટ આપે. એક સામાન્ય મુસ્લીમ ભક્તનો આવો આદર-સત્કાર થતો જોઈ કેટલાક સત્સંગીઓ તથા કાઠીઓને એ આંખના કણાની જેમ ખટકે. વળી શ્રીજી મહારાજ મીયાંજીને સહુની આગળ બેસારે એટલે પાછળ બેઠેલા ભકતો મનમાં સમસમી રહે. સહુ અરસ-પરસ ગુસપુસ વાતો કર્યા કરે કે, મહારાજ આ મુસલમાનને આટલુ બધુ માન કેમ આપતા હશે ? ત્યાં વળી કોઈક પોતાનો અણગમો વ્યકત કરતાં કહે કે, 'ભાઈ ! એનું માન-સન્માન ભલેને થાય એની કયાં ના છે, પણ એ યવન આપણી આગળ બેસે એ તો બીલકુલ વ્યાજબી નથી.'

અતર્યામી મહારાજથી આ ગુપસુપ વાતો છતી ન રહી. મહારાજે ભક્તોના અંતરની અકળામણ ઓળખી લીધી. મીયાંજી પ્રત્યે અણગમો દાખવતા એ ભક્તો અને શેખમીયાં એ બન્નેની સમજણ મહારાજ જાણતા હતા, તેથી જ ગુપસુપ ચાલી રહેલો ખેલ જોઈ મહારાજ મંદ મંદ હસતા હતા. પછી મહારાજે મીયાંજીની સમજણનો ખ્યાલ સહુને આવે એ માટે મહારાજે મનોમન યોજના ઘડી.

શ્રીજી મહારાજ સભામાંથી ઊઠી જ્યાં શેખમીયાં બેઠા હતા તેમની પાસે જઈ બેસી ગયા અને કહ્યું, "તમે મને મારો."

મહારાજાનું વાક્ય શેખમીયાંને તીરની જેમ વાગ્યું. તેઓ તુર્તજ બોલ્યા, "અરે મહારાજ એ શું બોલ્યા ? તમે તો અમારા જીવનપ્રાણ ! તમને અમારાથી કદી મરાય ? એવો ઘાટ-સંકલ્પ કરીએ તોય પાપમાં પડીએ !"

"નહીં શેખજી ! અમને કંઈક મારો !"

"અરે મહારાજ ! મારાથી એ નહીં થાય. તમારા ઉપર હાથ કેમ ઉપડે ?"

"મારો નહીં તો કંઈ નહીં, પણ 'હું તમને મારું' એટલું વાક્ય બોલો."

"પણ મહારાજ એમ બોલવામાંય જીભ કેમ ઉપડે ?" પોતાની અનિચ્છા દર્શાવતા શેખજીએ કહ્યું.

હવે મહારાજ થોડા અકળાયા. બોલ્યા, "ખૂદ અમે કહીએ છીએ પછી આટલું બોલવામાં તમને શો વાંધો છે ?"

આમ કહેવડાવવા પાછળ મહારાજે શું ધાર્યું હશે ? એમાં કાંઈ શંકા લાવ્યા વગર વિશ્વાસુ ભક્ત શેખજીએ

કહ્યું, 'મહારાજ ! આપનો બહુ આગ્રહ છે તો કહું કે - હું તમને મારું.'

શેખના મુખમાંથી 'હું તમને મારું' આટલા શબ્દો છૂટ્યા ત્યાતો મહારાજ લાલચોળ થઈ ગયા. શેખજી જાણે ગુનેગાર હોય એ રીતે મહારાજ એમની સામે જોઈ રહ્યા અને ઉચ્ચે સાદે હાંકલ કરી બોલ્યા, "એલા, આટલામાં અમને બચાવે એવો કોઈ માણસ છે ? આ શેખમીયાં તો 'હું તમને મારું' એમ કહીને અમને ડરાવે છે ને મારવાની ધમકી પણ આપે છે. તો શું અમે એનું કાંઈ બગાડ્યું છે ?"

"બોલો મહારાજ ! શી આજ્ઞા છે." એમ કહેતાં પાંચ-છ જણ દોડીને આવી ગયા.

મહારાજે એમને કહ્યું, "જાવ, આને ધક્કા મારીને અમારી પાસેથી આઘો લઈ જાવ. નહિ તો અમને ક્યાંક વળી મારશે."

કેટલાક ભક્તો તો વાટ જોઈને બેઠા હતા. એમાં મહારાજનો પોતાનો આવો આદેશ થયા પછી એ ઓછા ઊતરે ખરા ? બે-ત્રણ જણાએ તુર્તજ શેખને તતડાવી ધક્કા મારી ઓસરી હેઠે ઉતારી મૂક્યા. અને ન બોલવાના વચનો ઉચ્ચારવા લાગ્યા, 'તારે મહારાજ માથે હાથ ઉપાડવો છે એમ ? તને આવું બોલતા કાંઇ શરમ ન આવી ? દરબારગઢમાંથી બહાર નીકળ, નહીંતર અધમૂઓ કરી દેશું.' આમ ચોપાસથી તીખા વાગ્બાણોની વૃષ્ટી થવા માંડી.

દેકારો થતા થોડા વધારે માણસો પણ ભેળા થઈ ગયા. સહુએ ભેગા થઈ શેખજીનો તિરસ્કાર કર્યો. ઘડીકમાં આ શું બની ગયું ! એનો વિચાર કરતા શેખજીતો ઊંડા ઊતરી ગયા. પોતાનો કાંઈ બચાવ પણ એમણે ન કર્યો. એક બાજુ ફળિયામાં બેસીને મનમાં મનમાં ભજન કરવા માંડ્યું.

બપોર થયા. દરબારમાં જમવાની પંક્તિ થઈ. શેખમીયાં તો ખૂણામાં બેસી રહ્યા છે. કોઈ એમને ખાવાનું પૂછતું નથી. કોઈકને દયા આવી એટલે થાળીમાં જમવાનું આપી ગયા. શેખજીએ ભગવાનને સંભારીને જમવાનું શરૂ કર્યું. એ જ સમયે શ્રીજી મહારાજ ત્યાંથી પસાર થયા. એમણે શેખજીને જમતા જોયા એટલે હાંક મારીને કહ્યું, "આને ખાવા કોણે આપ્યું ? કાઢી મેલો અહીંથી."

જુવાનીયાઓને તો આટલું જ જોઈતું હતું. ઈશારો થતા એમણે શેખજી ઉપર કાંકરી ચાળો શરૂ કરી દીધો. કોઈએતો ખોબો ભરીને તાંસળીમાં ધુળ નાખી ને ખાવાનું ટાળી નાખ્યું. છતાં શેખ અકળાયા વગર 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરતા બેસી રહ્યા. દેકારો વધવા લાગ્યો એટલે એ દરબારગઢમાંથી બહાર ચાલતા થયા. ટોળું એમની પાછળ પડ્યું અને હેરાન કરવા લાગ્યું. ન તો એમણે કોઈને કશું કહ્યું કે ન તો કશો સામનો કર્યો. ઘેલે જઈ શેખજીએ સ્નાન કર્યું. થોડીવાર ત્યાં બેઠા અને ધ્યાન કરવા લાગ્યા.

શેખજી પોતા ઉપર વગર કારણે આવી પડેલી મુશ્કેલીને ભારે ધીરજથી શહન કરી રહ્યા છે. આ મુશ્કેલીમાં એમને મહારાજની મનુષ્ય લીલા દેખાઈ. લીલા પાછળનું રહસ્ય ન સમજાયું. મનમાં વિચાર્યું, 'હમણા મહારાજ કોચવાઈ ગયા છે, એટલે અહીં રહીશ તો વધારે કોચવાશે.' એમ વિચાર કરી શેખમીયાં ઘેલાનું પાણી પીને પોતાના વતન ગોંડલ તરફ ચાલી નીકળ્યા.

ઘરે આવી મનમાંથી બધો ભાર ઊતારી નાંખ્યો. દરબાર હઠીભાઈને ત્યાં પોતાની નોકરી ઉપર ચડી ગયા. શ્રીજી મહારાજે શેખજીની તપાસ કરાવી તો એવી ભાળ મળી કે એ તો પોતાને ગામ ગોંડલ જતા રહ્યાં છે. મહારાજે તો પોતાના આ સેવકને ઠેઠ તળિયા સુધી તપાસીને તેના નિશ્ચયની સહુને જાણ કરવી હતી એટલે પોતે દરબાર હઠીભાઈ ઉપર સંદેશો મોકલાવ્યો કે, 'શેખમીયાં અહીં ગઢડે આવેલો ત્યારે અમને મારવાનું કહીને ત્યાં નોકરી પર હાજર થઈ ગયો છે. આવા માણસને નોકરીમાં ચાલુ રાખશો નહિ.'

દરબાર હઠીભાઈ શ્રીજી મહારાજના વિશ્વાસુ ભક્ત હતા. મહારાજનો સંદેશો મળતાં જ એમણે શેખજીને નોકરીમાંથી રજા આપી દીધી. શેખને પેટગુજારાનું સાધન ઝૂંટવાઈ જતાં થોડી મૂંઝવણ થઈ, પણ કોઈ આગળ કાંઈ બોલ્યા નહિ. ઘરમાં પણ કોઈને કશી વાત ન કરી. 'હશે મહારાજ મારા જીવનું જરૂર ભલું કરતા હશે.' એમ વિચારી દેહને કષ્ટ સહન કરી મનને સ્વસ્થ રાખવા પ્રયત્ન કરે છે.

નોકરીની શોધમાં ફરતાં ફરતાં તેઓ રાજકોટ આવ્યા. નોકરીની શોધ કરી જીવનગુજારો કરવા લાગ્યા. બળવો પોકારતા મનને દબાવીને પ્રભુમાં ચિત્તને પરોવી ધીરજ ધારીને દિવસો વિતાવવા લાગ્યા. નાતીલા તેમજ સત્સંગના દ્વેશીલાઓને આ બાબતના કયાંકથી જાણ થતા એમણે શેખજીની પાસે આવી મહારાજનું વાંકુ બોલવા માંડ્યું અને શેખને પોતાના તરફ વાળી લેવાના પ્રયત્નો આદર્યા. પણ શેખજીએ જરાય મચક ન આપી. રોકડું પરખાવતા કહી દીધું કે, "મહારાજ તો મારા કલ્યાણના કરતલ છે. એ ભલે મને હડધૂત કરે, એનો મને જરાય અભાવ નહિ આવે!"

શેખને જીવમાં ઊંડે ઊંડે એવો ભરોસો તો ખરો કે,

'મહારાજ મારું કોઈ દિવસ ભૂંડું નહીં કરે. મારામાં કાંઈક કચાશ હશે, એટલે મને તાવીને શુદ્ધ કરવા માગે છે.' શેખજીના જીવમાં મહારાજનાં દર્શનની ઘણી તાણ રહે, પણ આજ્ઞા વિના જવાની હિંમત ન થાય. પરિતાપ ને પશ્ચાતાપમાં ઘણીવાર આંખમાં આંસુઓ આવી જાય. શ્રીજી મહારાજના આવા વિયોગમાં એમનું શરીર પણ ઘણું પાદું પડી ગયું.

કેટલાક મહિનાઓ વિત્યા, પણ શેખજીની નિષ્ઠા અંકબદ્ધ છે. ક્યાંય ઘોબો નથી પડ્યો કે પડવા દીધો. એવામાં એમને સમાચાર મળ્યા કે દાદા ખાચરને એજન્સીના કામકાજ પ્રસંગે રાજકોટ આવવાનું થયું છે. શેખમીયાંએ આ સમાચાર જાણ્યા એટલે એમનું હૈયું અધીરું બન્યું. તપાસ કરીને એમણે દાદાખાચરના મુકામનો પત્તો મેળવ્યો. એમને જ્યારે મળ્યા ત્યારે શેખનું હૈયું હાથ ન રહ્યું. એમનાથી ડ્રુસકો મૂકાઈ ગયો.

દાદા ખાચર બધુંય જાણતા હતા. એમણે શેખજીને સાંત્વના આપવા માંડી. થોડા સ્વસ્થ થઈ હિબકા ભરતા શેખજીએ કહેવા માંડ્યું, "મારા જેવો જગતમાં બીજો કોઈ મૂર્ખ નહિ હોય. પૂર્વના પાપ આડાં આવ્યા ને મને કુમતિ સૂજી અને મારાથી અવળું બોલાઈ ગયું. હું અપરાધી છું. મહારાજ તો ખૂબ બહુ દયાળુ છે. તેઓ મારા અપરાધ સામું નહિ જુવે. એ તો બધું જાણે છે, છતાં મારા વતી આપ મહારાજને અરજ કરજો કે મને માફી આપી પાછો અપનાવે. મહારાજ કોચવાયા એથી મારા જીવમાં બહુ બળતરા થાય છે. મને ક્યાંય શાંતિ નથી." એમ બોલતાં બોલતાં તો એમને ગળે ડુમો ભરાઈ ગયો. આગળ કશું બોલી ન શક્યા.

દાદા ખાચરે આશ્વાસન આપી એમને સ્વસ્થ કર્યા. શેખજીએ અશ્રુપૂર્ણ આંખે દાદા ખાચરને વિનંતી કરતાં કહ્યું, "આપને મારી આ નમ્ર અરજ છે કે દયા કરીને એકવાર મહારાજનાં મને દર્શન કરાવજો.' આમ કહી શેખજીએ વિદાય લીધી. દાદા ખાચર એને જતાં જોઈ રહ્યા અને મનોમન એમની સમજણને વંદી રહ્યા.

દાદા ખાચરે તુરત જ બધી હકીકત કાગળમાં લખી માણસ દ્વારા ગઢડા મોકલાવી. મહારાજનો વળતો જવાબ પણ આવી ગયો કે 'શેખજી ! દાદા ખાચર જેમ કહે તેમ કરજો. અમે તમારા ઉપર ખૂબ રાજી છીએ.'

પછી દાદા ખાચરે શેખજીને બોલાવીને સઘળી વાત કરી. શેખજીને ગઢડા સાથે લીધા. ગઢપુરનો સીમાડો આવ્યો એટલે શેખજી ઘોડા ઉપરથી હેઠા ઊતરી ગયા. મોઢામાં ખડના તરણાં લીધાં, બન્ને હાથ જોડી દીન વદને દરબારગઢમાં આવ્યાં. જે ઓસરીમાં શેખજી 'મારું મારું' એમ બોલ્યા હતા ને જ્યાં એમને હડસેલા લાગ્યા હતાં એ જ જગ્યાએ જોગાનુજોગ શ્રીજી મહારાજ આજે વિરાજમાન થયેલા હતા. શેખ તો આવતાંની સાથે જ પ્રભુને દંડવત્ પ્રણામ કરવા માંડ્યા. મહારાજ સફાળા ઊભા થઈ ગયા અને શેખજી પાસે જઈને એમના મસ્તકે પોતાના બન્ને હસ્ત મૂક્યા.

શેખજીના હૃદયમાં ટાઢા શેરડા પડ્યા. તેઓ કરગરતા બોલ્યા, "પ્રભુ મારો અપરાધ માફ કરો !" એમ બોલતાં બોલતાં શેખથી રડી જવાયું. એમના મોંમાંથી ખડના તરણાં નીચે પડી ગયાં. આ દશ્ય જોઈને સભામાં બેઠેલા સહુ સ્તબ્ધ થઈ ગયા. શ્રીજી મહારાજે એમને સાંત્વના આપી અને એમનો હાથ ઝાલી ઓસરી ઉપર પોતાની પાસે સહુની આગળ બેસાર્યા.

પછી મહારાજે સભામાં બેઠેલા ભક્તજનોને કહ્યું, "આ શેખમીયાંનો અમે કૂતરાની જેમ તિરસ્કાર કર્યો, એની માથે ન થવાનું બધું જ થયું, છતાં એમણે અમારો જરાય અભાવ ન લીધો. જાનકીજીની જેમ એમણે પોતાનો અવગુણ લીધો, પણ અમારો લેશમાત્ર અવગુણ ન લીધો. આવા ભક્તો ઉપર અમારે વગર કર્યું હેત થાય છે."

મહારાજનાં આ વચનો સાંભળીને જેમને જેમને શેખમીયાં પ્રત્યે અણગમો હતો એ કહેવા લાગ્યા, 'હા મહારાજ ! આ શેખજીના જેવી બીજાની કસોટી આપ લ્યો તો એ મૂળગેથી જાય !'

ભક્તોનો શેખને આગળ બેસારવા અંગેનો સંશય આજે ટળી ગયો હતો. સહુના અંતરમાં હા પડી ગઈ કે એ તો જરૂર આગળ બેસારવા જેવા છે. પ્રભુ જે કરતા હોય એ સમજીને કરતા હોય. આપણે એમાં કાંઈ શંકા-કુશંકા કરાય નહીં. શેખમીયાં જેવા પાકા નિશ્ચયવાળા આવી કસોટીમાં પાર ઊતરે. કસોટી સુવર્ણની થાય, કથીરની નહીં!

■■■

હાસ્ય લેખ

વિઠુની વસમી રેલયાત્રા

- ડો. જગદીશ ત્રિવેદી

એનું નામ વિઠ્ઠલદાસ. અમે એને પ્રેમથી 'વિઠુ' કહેતા. વિઠુ કાયમ સફેદ લેંઘા માથે અડધી બાંયનો બુશર્ટ પહેરતો. પાટલૂન તો એ બહારગામ જવાનું હોય ત્યારે જ પહેરતો. ભરવાડવાસમાં દુકાન એટલે ગોળ કરતાં ખોળનો વેપાર વધારે હતો અને ખોળના વેપારમાં વિઠુનો લેંઘો એટલો મેલો થતો કે લેંઘાનો ધવલ રંગ ભાગ્યે જ જોવા મળે. એ અઠવાડિયે એક વખત દાઢી કરે, જે દિવસે દુકાન બંધ રાખે તે દિવસે, એટલે કાયમ થોડીઘણી દાઢી ઊગલી હોય. વળી વિઠુ પાનનો બંધાણી એટલે સવારે આવે ત્યારે આખા દિવસનાં પાન બંધાવતો આવે. ઘણી વાર એનાં કપડાં પણ પાનનો બંધાણી છે એની ચાડી ખાતાં. વિઠુ કાયમ વાદળી પટ્ટીનાં સ્લિપર પહેરતો અને પગમાં એટલો પરસેવો વળતો કે તળિયાં કાયમ કાળામેંશ રહેતાં. આટલું ઓછું હોય તેમ વિઠુ તોતડું બોલતો. વળી બાંધો પણ બેઠી દડીનો અને બેવડો. વિઠુ દુકાને પાણી ભરતો નહીં. એને મોટો લોટો ભરીને પાણી આપો એટલે એ મોટર રેડિયેટરમાં રેડતો હોય એમ એકશ્વાસે પાણી પી જાય. ચાલીસ વરસે પણ આવા વીરભદ્ર જેવા વિઠુનું સગપણ થયું નહોતું.

આવડો આ વિઠુ એક વાર પાટલૂન પહેરીને મને સામે મળ્યો. મેં પૂછ્યું પણ ખરું , "આજે લેંઘો નથી પહેર્યા, એટલે બહારગામનો પ્રોગ્રામ લાગે છે !" વિઠુ ઉવાચ્યો, "લાજકોટ ખડીદી કડવા જઉં છું." (રાજકોટ ખરીદી કરવા જઉં છું.) બપોર પછી રાજકોટ ગયેલા વિઠુએ ખરીદીમાં રાત પાડી દીધી. પછી ઊપડે એટલો માલ બે મોટા થેલામાં સાથે લીધો, બાકીનો માલ ટ્રાન્સપોર્ટમાં રવાના કર્યો. ત્યારબાદ પોતાની શક્તિ અને ઇચ્છા મુજબનું વાળુ કરી વિઠુ રાજકોટ રેલવે સ્ટેશન આવ્યો અને પાન ખાતાં-ખાતાં દિવસ દરમિયાન ખર્ચનો હિસાબ કરી રાત્રે પોણા એક વાગ્યે વિઠુ રાજકોટથી થાનગઢ રવાના થયો.

રાજકોટથી પોણા એક વાગ્યે ઊપડતી સૌરાષ્ટ્ર એક્સપ્રેસ નામની ટ્રેન વાંકાનેર થઈને રાતના બે વાગ્યે થાનગઢ આવતી અને બે વાગ્યનો સમય એવો છે કે ચોરને પણ ઊંઘ આવે.

વિઠુને પણ ઊંઘી જવાની તક હતી એટલે એ કોઈ પણ સંજોગોમાં આંખ ન મીંચાય તે માટે પાન ઉપર પાન ખાતો બારી પાસે બેઠો હતો. વાંકાનેર અને થાનગઢ વચ્ચે ત્રણ ફ્લેગ સ્ટેશન આવે છે : લુણસરિયા, દલડી અને લાખામાંચી. વિઠ્ઠલદાસે લાખામાંચી સ્ટેશન પર ઊંઘરેટી આંખે જોયું હતું. લાખામાંચીથી થાનગઢ પહોંચતા ટ્રેનને માત્ર દસ મિનિટ લાગે છે, પણ કમનસીબે છેલ્લી દસ મિનિટમાં જ વિઠુની આંખ મીંચાઈ ગઈ અને જ્યારે ઊઘડી ત્યારે મૂળી સ્ટેશનનાં દર્શન થયા ! મૂળી થાનગઢ અને સુરેન્દ્રનગર વચ્ચે આવે છે. વિઠુથી હળવો ઘ્રાસકો મુકાઈ ગયો. થાનગઢ જતું રહ્યું હતું.

ચિંતામાં વિઠુની ઊંઘ ઊડી ગઈ. તે ભારે હૃદયે રાત્રે ત્રણ વાગ્યે સુરેન્દ્રનગર ઊતર્યો. આજથી પંદર વરસ પહેલા મોબાઈલ નહોતા કે નહોતા આટલા બધા એસ.ટી.ડી બૂથ. વિઠુ જેવો સુરેન્દ્રનગરની અણધારી મુલાકાતે આવ્યો કે પ્લેટફૉર્મ ઉપર એના સ્વાગત માટે ટિકિટચેકર તૈયાર જ હતો. એણે વિઠુ પાસે ટિકિટ માગી. વિઠુએ સત્ય હકીકત જણાવી દીધી. ટી.સી.એ એકસો ને સાઠ રૂપિયા દંડ કર્યો. દંડની રસીદ સાથે પાંચ વાગ્યે સૌરાષ્ટ્ર જનતા મળશે એવી માહિતી પણ આપી.

દંડ બાદ અત્યંત ઉદાસ થયેલા વિઠુ ઉપર નાઈટ ડ્યૂટી રેલવે પોલીસની નજર પડી. એણે આવીને ઊલટતપાસ ચાલુ કરી, પણ વિઠુ નિર્દોષ હોવાથી પોણા કલાકની જહેમત બાદ પોલીસ ચાલતો થયો. તોડની આશાએ આવેલા પોલીસને વિઠુએ વિવેક ખાતર અડધી ચા પાઈ અને પોતાના પાનમાંથી સોપારીના થોડા ટુકડા આપ્યા.

વિઠુએ ત્યારબાદ રેલવેનું ટાઈમટેબલ ઊંડાણપૂર્વક વાંચ્યું. એક વાર અત્યંત શાંતિથી બાથરૂમ ગયો ત્યારે ચાર વાગ્યે માંડ ટિકિટબારી ખૂલી. વિઠુએ ફરી વાર થાનગઢ ટિકિટ કઢાવી. જનતાની લાઈન થયા બાદ ખૂબ મોહું ધોયું,

એક આખી ચા પીધી અને પાન ગલોફામાં દબાવી પરોઢિયે પાંચ વાગ્યે સૌરાષ્ટ્ર જનતામાં સુરેન્દ્રનગરથી રવાના થયો.

સુરેન્દ્રનગર અને થાનગઢ વચ્ચે પાંચ સ્ટેશન આવે છે : ચમારજ, દિગસર, મૂળી, રામપરડા અને વગડિયા; જેમાં મૂળી સ્ટેશને જનતા ઊભી પણ રહે છે. જનતા મૂળીથી ઊપડી અને ત્યારબાદ રામપરડા ગયું. રામપરડા બાદ વગડિયા પણ ગયું. વગડિયાથી થાનગઢ પહોંચતાં ટ્રેનને દસ જ મિનિટ લાગે છે, પરંતુ વિઠુને આખી રાતનો ઉજાગરો, વળી પ્રવાસનો થાક. આખો દિવસ હોલસેલના વેપારીઓ સાથે રકઝક અને રાત્રે ટી.સી તથા પોલીસ સાથે રકઝક. આમ શારીરિક, માનસિક અને આર્થિક રીતે કંટાળેલા વિઠુને વગડિયા બાદ એક હળવું ઝોકું આવી ગયું અને જેવી આંખ ખૂલી તો ગાડી લાખામાંથી પાસેથી પસાર થતી હતી. વિઠુથી આ વખતે ભારે શ્વાસકો મુકાઈ ગયો, કારણ કે બીજા પ્રયત્નમાં પણ તે પોતાને ગામ ઊતરવામાં નિષ્ફળ ગયો હતો!

આઘાત સાથે વિઠુ સવારે વાંકાનેર સ્ટેશન ઊતાર્યો ત્યાં પણ ટિકિટચેકર તો તૈયાર જ હતો, પણ વિઠુએ રડતાં-રડતાં જે કહાની વર્ણવી તે સાંભળી ટી.સી. હસવા મંડ્યો. અને જ્યાં હાસ્ય છે ત્યાં દુઃખ નથી. ટી.સી.એ રહેમનજરથી વિઠુને છૂટ આપી અને સાથે હમણાં જ રાજકોટથી ઈન્ટરસિટી આવે છે એની માહિતી પણ આપી. વિઠુએ ચોવીસ કલાકમાં ત્રીજી વખત થાનગઢનની ટિકિટ ખરીદી. ઈન્ટરસિટીમાં બેસતાવેંત આજુબાજુના ત્રણ મુસાફરોને વિનંતી કરી : "હું ઊંઘી જઉં તો મને થાનગઢ સ્ટેશને જગાડજો. જો હું ત્રીજી વાર થાનગઢ ઊતરવાનું ચૂકી ગયો તો ચાલુ ગાડીએ કૂદીને આપઘાત કરીશ." વિઠુ આપઘાત કરે અને ગાડી મોડી થાય એવું ન ઇચ્છતા અજાણ્યા મુસાફરોએ વિઠુને જગાડવાનું વચન આપ્યું. પણ મુસાફર પાસે ટિકિટ હોય ત્યારે ટી.સી આવતા નથી એમ વિઠુને જગાડવાના હતા, ત્યારે ઊંઘ ન આવી. બે વજનદાર થેલા સાથે વિઠુ સવારે સાડાસાત વાગ્યે થાનગઢ ઊતર્યો ત્યારે મુંબઈથી આવતો હોય એટલો થાકેલો હતો. રાજકોટથી થાનગઢની દોઢ કલાકની રેલયાત્રા વિઠુએ સાત કલાકમાં પૂરી કરી હતી અને બાવીસ રૂપિયાની જગ્યાએ બસો રૂપિયાનો ખર્ચ કર્યો હતો. ■■■

સમાચાર દર્શન

ગુરુપૂર્ણિમાં મહોત્સવ

ગુરુપૂર્ણિમા મહોત્સવ ભારતવર્ષનો અતિ મહત્ત્વનો ઉત્સવ છે. આજના દિવસે ભગવાન સાથે ભેટો કરાવનારા ગુરુઓનું પૂજન શિષ્યો કરે છે અને ધન્યતા અનુભવે છે. ૧૭ જૂલાઈના રોજ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (**SGVP**) છારોડી ખાતે અનેરા ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવ પૂર્ણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

SGVPના ફૂટબોલ ગ્રાઉન્ડમાં તૈયાર કરવામાં આવેલ વિશાળ સભામંડપમાં ધામધૂમથી ઠાકોરજી, પાદુકા તથા સદ્‌ગુરુ સંતોની પધરામણી થઈ ત્યારે ઉપસ્થિત ભક્તોના હૈયા નાચી ઊઠ્યા. સૌએ તાળીઓના ગડગડાટથી સંતોનું અભિવાદન કર્યું. સદ્‌ગુરુઓ પોતાના સ્થાને બિરાજતા જ વિદ્યાર્થીઓ દ્વારા સંતોનું સ્વાગત નૃત્ય થયું. સંતો દ્વારા ગુરુણામ્‌ગુરુ ભગવાન શ્રીહરિ તેમજ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની પ્રતિમાનું ભાવપૂજન થયું હતું.

ત્યારબાદ સંતો, ટ્રસ્ટિ મંડળ તેમજ આગેવાન ભક્તજનોએ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામીનું પૂજન કરી ગુરુપૂજનની શરૂઆત કરાવી હતી.

ગુરુપૂર્ણિમા મહોત્સવમાં ગુરુપૂજન કરતાં ત્રણ વિદ્યાર્થીઓએ પાર્ષદની દીક્ષા પ્રાપ્ત કરીને પોતાના જીવન ભગવાન શ્રીહરિ તથા પૂજ્ય સ્વામીજીના ચરણોમાં સમર્પિત કર્યા હતા. આ ભાવભીનું દૃશ્ય સોના હૃદયને સ્પર્શી ગયું હતું.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ શુભાશીર્વાદ પાઠવતા

જણાવ્યું હતું કે "આપણી ગુણાતીત સંત પરંપરા ખૂબ દિવ્ય છે. ગુણાતીતાનંદ સ્વામીથી માંડી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે સંતોની દિવ્ય નિશ્રામાં રહીં આપણે ધન્યભાગી થયા છીએ." આ ઉપરાંત પરમ પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પણ સહુ ભક્તજનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

દેશ-પરદેશથી વિશાળ સંખ્યામાં ગુરુપૂજન કરવા પધારેલા ભક્તજનોને હોંશ હોય કે આજે પ્રત્યક્ષ ગુરુપૂજન કરવાનો લ્હાવો મળે. સૌના હૃદયની ભાવના પૂર્ણ કરતા એકેએક ભક્તજનોએ સંતો પાસે આવી ફૂલહાર, સાકર-નારિયાળ, સુકામેવાના હાર વગેરે દ્વારા સદ્‌ગુરુઓનું પૂજન કરી ધન્યતા અનુભવી હતી. અંતે મહોત્વસના યજમાનોને સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

રથયાત્રા મહોત્સવ

તારીખ ૪ જુલાઈ, ૨૦૧૯- અષાઢ સુદ બીજના પવિત્ર દિને શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ભવ્ય રથયાત્રા મહોત્સવ ઉજવાયો. પ્રાર્થના ભવનમાં બિરાજમાન ભગવાન જગન્નાથજી, બલરામજી તથા સુભદ્રાદેવીની નગરયાત્રામાં હજારો ભક્તજનો જોડાયા. ભક્તિમય વાતાવરણ અને ઝરમર વરસાદની વચ્ચે નીકળેલી આ રથયાત્રાના સંસ્મરણો દર્શન કરનારનાં હૃદયમાં છવાઈ ગયા.

મધ્યાહ્ને ૨:૦૦ કલાકે પ્રાર્થના ભવનમાં વૈદિક વિધિ સાથે સો ઉપરાંત બહેનોએ ભગવાન શ્રીજગન્નાથજી, બળરામ ભૈયા અને સુભદ્રાબેનનું પૂજન કર્યું હતું. પૂજન પૂર્ણ થતાંની સાથે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી, શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વગેરે મહાનુભાવોએ રથમાં બિરાજમાન ભગવાન શ્રી જગન્નાથજીનું પૂજન કરી માર્ગ માર્જન કરીને રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. બે કિલોમીટરથી પણ વધારે લાંબી રથયાત્રામાં ગુરુકુલના વિદ્યાર્થીઓની રાસ માંડળી, શરણાઈ વાદકો, વિવિધ નયનરમ્ય ફ્લોટો, કળશધારી બહેનો, વિદ્યાર્થીઓ, સંતના રથો, ગુરુકુલના પ્રણેતા શાસ્ત્રીજી મહારાજનો રથ, દશાવતાર રથા, પ્રસાદ રથ જેવા અનેક રથો યાત્રામાં જોડાયા હતા. સાંજના આઠ વાગ્યા સુધી અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં વિહાર કરીને ભગવાને ભક્તજનોની સેવાનો સ્વીકાર કર્યો હતો. રથયાત્રાને વધાવવા માટે અનેક વિસ્તારોના ભાવિકોએ આરતી, પુષ્પહાર, પ્રસાદ તથા વિવિધ પ્રકારની સામગ્રી દ્વારા ભગવાનનું પૂજન કર્યું હતું. વિવિધ વિસ્તારના ભાવિકોએ વિવિધ પ્રકારના અલ્પાહાર તથા પેય સામગ્રીઓ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તજનોની સરભરા કરી હતી. યાત્રા દરમિયાન હજારો કીલો કાકડી, ખારેક, મગ, ચોકલેટ પ્રસાદ રુપે વહેંચવામાં આવ્યા હતા.

નગર વિહાર કરીને ગુરુકુલના પ્રાંગણમાં પધારેલા ઠાકોરજીને સંતો-ભક્તોએ આરતી તથા પૂજન દ્વારા વધાવ્યા હતા. નાદુરસ્ત દબિયત હોવા છતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ પધારી ઠાકોરજીના દર્શન કર્યા હતા. સૌને પ્રેરણા મળે એવા હેતુથી 'આપણું શહેર સ્વચ્છ શહેર' એ અભિયાન અતર્ગત રથયાત્રા દરમિયાન રસ્તામાં વેરાયેલ પ્લાસ્ટીકની થેલીઓ, પાણીના પાઉચો, પ્રસાદના ખાલી પેકેટો વગેરે કચરાની સફાઇ ગુરુકુલના ત્રણસો સ્વયંસેવકો દ્વારા કરવામાં આવી હતી. રથયાત્રાને વિશેષ સુશોભિત કરવા માટે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવારના ભક્તજનો તથા શ્રી ભક્તિ મહિલા મંડળના બહેનો ભારે ભક્તિભાવ સાથે જોડાયા હતા. ભક્તજનોને પ્રસાદ વિતરણની સેવામાં તથા અન્ય વ્યવસ્થામાં અમદાવાદની વિવિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓએ સેવાનો લાભ લીધો હતો. આમ ખૂબ જ ભક્તિભાવ સાથે રથયાત્રા મહોત્સવ પૂણ થયો હતો.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર - લંડન

જ્ઞાન-વિજ્ઞાનના અદ્‌ભૂત રહસ્યોને જીવનમાં ચરીતાર્થ કરાવનારો ધર્મ એટલે હિંદુ ધર્મ. માનવીને માનવતાના મૂલ્યની સાથે પ્રકૃતિના મૂલ્ય સમજાવનારો ધર્મ એટલે હિંદુ ધર્મ. ભગવાનના અવતારો, ઋષિઓ, મહાપુરુષો અને શાસ્ત્રો દ્વારા પ્રવર્તેલો ધર્મ એટલે હિંદુ ધર્મ. હિંદુ ધર્મની જીવન પદ્ધતિએ વિશ્વના અનેક મહાપુરુષોને આકર્ષ્યા છે. પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રીમાધવપ્રિયદાસજી સ્વામી વિશ્વના દેશોમાં સત્સંગ

વિચરણ દરમિયાન જાહેર સભાઓમાં હિંદુ જીવન પદ્ધતિ વિશે સૌને સજાગ કરી રહ્યા છે. સ્વામીજીના આ અભિયાન અંતર્ગત તા. ૩ થી ૭ જુલાઈ, ૨૦૧૯ દરમિયાન લંડન મુકામે હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું આયોજન થયું.

શ્રીમદ્ ભાગવતજીને કેન્દ્રમાં રાખીને સ્વામીશ્રીએ જીવનોપયોગી બોધ પાઠવતા જણાવ્યું હતું કે, 'ઓંકાર, પ્રાણાયામ અને ધ્યાન મનને સ્થિર કરવાનો ઉત્તમ ઉપાય છે. ભગવાનની મૂર્તિના અનુસંધાન સાથે કરેલા જપ અને પ્રાણાયામ સાધકના મનને એકાગ્રા કરવામાં ખૂબ જ ઉપયોગી છે.'

સ્વામીશ્રીએ યુવાનોને ટકોર કરી હતી કે, 'મીડીયાઓના દુષ્પ્રભાવથી સમય બચાવીને સત્શાસ્ત્રોનું વાંચન કરજો. આપણા ઋષિમુનિઓએ જંગલમાં વસી ફળ, ફૂલ આરોગી સૃષ્ટિના ગહન રહસ્યોનો તાગ મેળવેલો છે. એમણે પ્રબોધેલા જ્ઞાન-વિજ્ઞાનને માણવાનો પ્રયાસ કરજો.' સેમિનારના અંતિમ ચરણમાં યોજાએલી પ્રશ્નોત્તરીમાં વિવિધ વિષયોનો સ્પર્શ કરીને સહુને પ્રેરણા આપી હતી. સ્વામીશ્રીના સત્સંગનો લાભ લેવા માટે લંડન, વુલ્વીચ, બોલ્ટન, લેસ્ટર, નોર્થમ્પટન, ઈસ્ટ લંડન, લ્યુટન વગેરે અનેક વિસ્તારોમાંથી વિશાળ સંખ્યામાં યુવાનો તથા ભક્તજનો એકત્રિત થતા હતાં.

આ સેમિનાર દરમિયાન લંડનમાં નિવાસ કરતાં બાલ-બાલિકા અને બહેનોના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. નાના બાળકોએ શૌર્ય રસથી ભરપૂર દેશભક્તિના નૃત્યો રજૂ કરી સર્વના મન હરી લીધા હતા. રાષ્ટ્રગાન સાથે કલ્ચરલ પ્રોગ્રામ પૂર્ણ થયો હતો.

બાલિકા અને બહેનોએ કૃષ્ણ ભક્તિથી યુક્ત રાસ અને નૃત્યો રજૂ કર્યા હતા. ગણેશ વંદના, દશાવતાર નૃત્ય, રૂપક અને સંવાદ દ્વારા અદ્‌ભૂત સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી પ્રેક્ષકોએ કાર્યક્રમને તાલીઓના નાદથી વધાવી લીધો હતો. સેમિનારની અંતિમ રાત્રે ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર શ્રીજગદીશ ત્રિવેદીએ સૌને પેટ પકડીને હસાવ્યા હતા. જગદીશ ત્રિવેદીએ હાસ્યરસની હેલી વચ્ચે જીવન પ્રેરક વાર્તાઓ દ્વારા સૌને અદ્‌ભૂત બોધ પાઠવ્યો હતો. લંડન નિવાસી ગુરુકુલ પરિવારના યુવાન ભાઈ-બહેનો તથા ઈસ્ટ લંડનના સ્વયંસેવકોએ સેમિનારને સફળ બનાવવા રાત્રી-દિવસ સેવાઓ કરી હતી.

હાઉસ ઓફ લોર્ડ્સ - ઇંગ્લેન્ડમાં સ્વામીજીનું સન્માન

હાઉસ ઓફ લોર્ડ્સ-ઈંગ્લેન્ડના સુપ્રસિદ્ધ લોર્ડ જીતેશ ગઢિયાના ભાવપૂર્ણ નિમંત્રણને માન આપી પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી ગ્રેઈટ બ્રિટેનના પાર્લામેન્ટ ભવનમાં આવેલ હાઉસ ઓફ લોર્ડ્સ ખાતે પધાર્યા હતા. અહીં સ્વામીજીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

સ્વામીજીનું સન્માન કરતા હાઉસ ઓફ લોર્ડ્સના માનનીય પ્રતિનિધિ લોર્ડ શ્રી જીતેશ ગઢિયાએ જણાવ્યું કે, સ્વામીજી સમગ્ર માનવજાતના હિત માટે **SGVP** ના માધ્યમથી શિક્ષણ, આરોગ્ય, રમત-ગમત, પર્યાવરણ સુરક્ષા, ગરીબી નિવારણ જેવા વિવિધ સેવાકાર્યો નિઃસ્વાર્થ ભાવે કરી રહ્યા છે. આધ્યાત્મિક ઉત્થાન તેમજ વિવિધ ધર્મો વચ્ચે સમન્વય સાધવા માટે પણ સ્વામીશ્રી પ્રશંસનીય પ્રયાસ કરી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ચાલતા આ સેવાકાર્યોથી સેંકડો વ્યક્તિઓ પ્રભાવિત થયા છે. આજથી એક વર્ષ પહેલા સ્વામીજીના દર્શનનું સૌભાગ્ય મળ્યું હતું ત્યારથી જ અમારા હૃદયમાં 'હાઉસ ઓફ લોર્ડ્સ' ખાતે સ્વામીજીનું વિશિષ્ટ સન્માન કરવાનો ભાવ હતો. આજે 'રીકગ્નિશન ફોર હ્યુમેનિટેરીયન સર્વિસ' સન્માન પત્ર અર્પણ કરી એ સંકલ્પ પૂર્ણ કરતા અમને આનંદ થાય છે.'

સન્માનના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, 'આપના હૃદયની ભાવનાનો અમે સ્વીકાર કરીએ છીએ પરંતુ આ સન્માન પત્ર અમે ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી અને ગુરુકુલની સેવા-પ્રવૃત્તિઓમાં તન-મન-ધનથી સહકાર આપનાર ભાઈ-બહેનોને અર્પણ કરીએ છીએ, આ સેવાકાર્યોમાં અમે માત્ર નિમિત્ત છીએ.'

વિશેષમાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, 'વિશ્વમાં ભારતીય સંસ્કૃતિ જેવી સહિષ્ણુ સંસ્કૃતિ બીજી કોઈ નથી. ભારતીય સંસ્કૃતિ એટલે વિવિધતામાં એકતાની સંસ્કૃતિ. ભારતીય સંસ્કૃતિ માત્ર માનવની સેવા નથી શીખવતી, પ્રાણીમાત્રની સેવા શીખવે છે. અંગ્રેજો અને ભગવાન સ્વામિનારાયણ વચ્ચે મધુર સંબંધો હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે મુંબઈના ગવર્નર સર માલ્કમને આશીર્વાદ આપતા કહ્યું હતું કે, તમે જ્યાં સુધી પ્રજાનું પુત્રની જેમ પાલન કરશો ત્યાં સુધી તમારું શાસન ટકશે. વર્તમાન સમયે પણ ગુજરાતના ભાઈ-બહેનો બ્રિટેનમાં દૂધ અને સાકરની જેમ રહે છે. લોર્ડ જીતેશભાઈ જેવા બુદ્ધિમાન વ્યક્તિઓ રાજકીય ક્ષેત્રે ભારત અને બ્રિટેન

વચ્ચે મજબૂત સેતુનું કામ કરી રહ્યા છે. બ્રિટેનના મહારાણી સાથે એમના ખૂબ સારા સંબંધો છે. લોર્ડ જીતેશ ન માત્ર ગુજરાત પરંતુ સમગ્ર ભારતીયો માટે ગૌરવ છે.'

આ પ્રસંગે ગુજરાત સમાચાર, લંડનના તંત્રીશ્રી સી.બી. પટેલે પોતાના હૃદયના ભાવ વ્યક્ત કર્યા હતા અને કહ્યું હતું કે, 'સ્વામીજીના સેવાકાર્યોથી હું વર્ષોથી પરિચિત છું. તેઓ શિક્ષણ ક્ષેત્રે અદ્‌ભૂત કાર્ય કરી રહ્યા છે. લોર્ડ જીતેશને હું નાનપણથી જાણું છું. તેઓને ભારતીય સંસ્કૃતિ અને વેદ પ્રત્યે અપાર શ્રદ્ધા છે. લોર્ડ જીતેશ હાઉસ ઓફ લોર્ડ્સમાં સૌથી નાની ઉંમરના છે, આપ બળે આટલે સુધી પહોંચ્યા છે. તેઓ બ્રિટીશ એશિયન ટ્રસ્ટના ટ્રસ્ટી છે અને અનેકવિધ ચેરીટીના કાર્યો કરી રહ્યા છે.'

આ સમારોહના અંતિમ ચરણમાં ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર શ્રીજગદીશ ત્રિવેદીએ ગુજરાતની અસ્મિતાનું સુંદર વર્ણન કરી સર્વને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગનું સંકલન કરવામાં શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી વેલજીભાઈ પરબતભાઈ વેકરીયાએ મહત્ત્વની સેવા બજાવી હતી. વૈદિક મંત્રોના દિવ્ય ઘોષ સાથે આ સન્માન સમારોહનો આરંભ થયો હતો અને સમાપન પણ વૈદિક મંત્રોના ગાન સાથે થયું હતું.

આ પ્રસંગે ભારતીય વિદ્યા ભવનના અધ્યક્ષશ્રી નંદાજી, સિગ્મા ફાર્મસીના માલિક ભરતભાઈ શાહ, એસ.એસ.જી.પી. ગુરુકુલ પરિવારના અગ્રણી કાર્યકર્તાઓ શ્રીગોવિંદભાઈ કેરાઈ(એમેઝીંગ ટાઈલ્સ), શ્રી રવજીભાઈ હીરાણી, શ્રી ગોવિંદભાઈ રાઘવાણી વગેરે, શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-કેન્ટનના ટ્રસ્ટીશ્રી વાલજીભાઈ ડબાસીયા, શ્રી રવજીભાઈ વરસાણી (એવરગ્રેડ), શ્રી અરવિંદભાઈ લાલજીભાઈ હાલાઈ(જીએક્સઆઈ), શ્રી સૂર્યકાંત વરસાણી, શ્રી ધીરૂભાઈ વેકરીયા, શ્રી અરવિંદભાઈ વેકરીયા, શ્રી ધનજીભાઈ વરસાણી અને રવજીભાઈ વેકરીયા (વુલવીચ) વગેરે અનેક ગણમાન્ય ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રદ્ધા સુમન

અ.નિ. પ.ભ. શ્રી ધનજીભાઈ શામજીભાઈ પીંડોરિયા (ડી.ઓસ.) :- ગામ બળદિયા, હાલ લંડન નિવાસી પ.ભ. શ્રી ધનજીભાઈ પીંડોરિયા તારીખ ૧૪ જૂનના રોજ ૭૯ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. ગુરુકુલ અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના અત્યંત કૃપાપાત્ર ધનજીભાઈ સત્સંગમાં થાંભલા જેવા હતા. સત્સંગમાં એમની સેવાનું મૂલ્ય થઈ શકે તેમ નથી. વર્ષો સુધી સત્સંગ અને સમાજની ખૂબ સેવાઓ કરી પોતાની જાતને ચંદનની જેમ ઘસી હતી. શ્રીહરિને વિશે એમની નિષ્ઠા અને નિડર એવા ધનજીભાઈને ગુરુકુલ સાથે ખૂબ લગાવ હતો. સાથે સાથે એમનો પરિવાર પણ ખૂબ સારો સત્સંગ રાખે છે. પૂજ્ય સ્વામીજી સાથે પણ એમને ખૂબ લગાવ હતો. આવા એક મહાન ભક્ત ધનજીભાઈના અક્ષરવાસથી સમસ્ત ગુરુકુલ પરિવાર એમના પરિવારને સાંત્વના પાઠવે છે. તથા ધનજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ અર્પે તથા સુપુત્ર સંજય વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. લક્ષ્મણભાઈ દેવશીભાઈ રાઘવાણી :- ગામ બળદિયા હાલ નાઈરોબી નિવાસી ભક્તરાજ શ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી હરિસ્મરણ કરતા થકા ૨૭ જૂનના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી વગેરે સંતોને વિષે અપાર હેત ધરાવતા લક્ષ્મણબાપા મહાન ભક્ત હતા. એમના પરિવારની સેવા અજોડ છે. લક્ષ્મણબાપાના સુપુત્ર અ.નિ. શ્રી ભીમજીભાઈ ગુરુકુલના અદના સેવક હતા. લક્ષ્મણબાપાનો આખો પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ ભક્તરાજ લક્ષ્મણભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા નારાયણભાઈ, શિવજીભાઈ, સુપુત્ર કલ્યાણજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી અરજણભાઈ વેલજીભાઈ વરસાણી :- ગામ સામત્રા હાલ લંડન નિવાસી પ.ભ. શ્રી અરજણભાઈ વરસાણી ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. અરજણભાઈ વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલા હતા. એમના સુપુત્ર મહેશભાઈ સંતો સાથે અપાર હેત ધરાવે છે. ભગવાન શ્રીહરિ અરજણભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા ગં.સ્વ. વાલબાઈ, સુપુત્ર મહેશ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી કુરજીભાઈ પરબતભાઈ વેકરિયા :- ગામ નારાયણપર હાલ નાઈરોબી નિવાસી પ.ભ. શ્રી કુરજીભાઈ વેકરિયા ૭૧ વર્ષની ઉંમરે ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે અતિ નિષ્ઠાથી જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ કુરજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો દીનેશભાઈ,

વિનોદભાઈ, કીશોરભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી વિશ્રામભાઈ રામજીભાઈ આંબા :- હાલ લંડન, મીરજાપુર નિવાસી પ.ભ. શ્રી વિશ્રામભાઈ આંબા ભગવાન શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે અતિ નિષ્ઠાથી જોડાયેલો છે. ખૂબ જ સારો સત્સંગ રાખે છે અને સેવાઓ પણ ખૂબ કરે છે. ભગવાન શ્રીહરિ વિશ્રામભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્ર વાલજીભાઈ, પૌત્ર સુરેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પ્રેમબાઈ કુંવરજી વરસાણી :- ગામ સામત્રા, હાલ કેન્યા નિવાસી અને ગુરુકુલના સન્નિષ્ઠ સેવક શ્રી કાનજીભાઈ વરસાણીના માતુશ્રી પ્રેમબાઈ ૯૫ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. સ્વયં શ્રીજી મહારાજ એમને તેડવા પધાર્યા એવી વાતો કરતા કરતા પ્રેમબાઈએ દેહ મૂક્યો હતો. એ સમયે એમની પાસે ધૂન પણ થતી હતી. સુપુત્ર કાનજીભાઈએ માની ખૂબ સેવા કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ્રેમબાઈએ મહારાજનું ખૂબ ભજન કર્યું હતું. આવા ઉત્તમ ભક્તનો અક્ષરવાસ સહુને પ્રેરણાદાયી છે. ભગવાન શ્રીહરિ પ્રેમબાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા કાનજીભાઈ, ભીમજીભાઈ, જાદવજીભાઈ, મનજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પ્રેમબાઈ વેલજીભાઈ રાઘવાણી :- બળદિયા નિવાસી ગુરુકુલના નિષ્ઠાવાન સેવક શ્રી ગોપાલભાઈ રાઘવાણીના માતુશ્રી પ્રેમબાઈ ૮૨ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. આ પરિવારની સેવા ખૂબ રહી છે. પ્રેમબાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર ગોપાલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી નાનજીભાઈ દેલવાડીયા :- જામજોધપુર નિવાસી પ.ભ. શ્રી નાનજીભાઈ દેલવાડીયા અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. નાનજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ અર્પે તથા સુપુત્રો રસિકભાઈ, પ્રવિણભાઈ, અરવીંદભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી રાજેશભાઈ શિવલાલભાઈ આણદાણી :- ગામ ઈંટવાયા, હાલ સુરત નિવાસી રાજેશભાઈ આણદાણી અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાયેલો છે. રાજેશભાઈને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો સાગર, અભિષેક વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પાર્વતીબેન રાઘવજીભાઈ સાવલિયા :- ગામ પાણખાણ નિવાસી ભક્તપરિવારના માતુશ્રી પાર્વતીબેન અક્ષરવાસી થયા છે. પાર્વતીબેન ગુરુકુલમાં સેવા કરતા પૂજ્ય ભક્તિપ્રિયદાસજી સ્વામીના પૂર્વાશ્રમના માતુશ્રી હતા. ભગવાન શ્રીહરિ પાર્વતીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર દીનેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

છારોડી ગુરુકુલ — ગુરુકુલમાં રસોઇ

અ.નિ. નારાયણભાઈ કનૈયાલાલ દવે
હ. પ્રકાશભાઈ દવે, દુબઈ
પ.ભ. શ્રી જયંતિકુમાર મણિલાલ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી નાગરભાઈ પટેલ, અમદાવાદ
શ્રી ભાવનાબેન ભુરાભાઈ આણદાણી, અંકલેશ્વર
પ.ભ. શ્રી માવજીભાઈ ખેતાભાઈ પટેલ, અમદાવાદ
શ્રી દર્શનાબેન આર. દવે, અમદાવાદ
પ.ભ. શ્રી રવીન્દ્રાંજલી ત્રિવેદી, કેનેડા
પ.ભ. શ્રી શૈલેષભાઈ પરશોત્તમભાઈ પટેલ, અમેરિકા
પ.ભ. શ્રી મનિષભાઈ નરસિંહભાઈ તળાવિયા, અંકલેશ્વર
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ જોષી, આફ્રિકા
પ.ભ. શ્રી અંકુશ જીતુભાઈ- સ્વામી પરિવાર, બોત્સવાના

આગામી આયોજન

તા. ૦૧ થી ૦૭/૮/૧૯, ગુરુવાર : **જ્ઞાનસત્ર** : કથા સમય સવારે ૮:૩૦ તથા બપોરે ૩:૩૦ કલાકે,
શ્રીમદ્ સત્સંગિજીવન કથા, વક્તા : પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીજી, અમદાવાદ ગુરુકુલ
તા. ૯/૮/૧૯, શુક્રવાર : **શ્રીહરિ જયંતી** : સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન.અમદાવાદ ગુરુકુલ
તા. ૧૧/૮/૧૯, રવિવાર : **પવિત્રા એકાદશી** : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, અમદાવાદ ગુરુકુલ.
તા. ૧૫/૮/૧૯, ગુરુવાર : **રક્ષાબંધન તથા સ્વાતંત્ર્ય પર્વ** : સવારે ૮-૦૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ.
તા. ૨૪/૮/૧૯ : **જન્માષ્ટમી મહોત્સવ** : રાત્રે ૯:૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ.
તા. ૨૮/૭/૧૯, રવિવાર : **અજા એકાદશી** : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, અમદાવાદ ગુરુકુલ.

પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં લંડન ખાતે યોજાયેલ હિન્દુ લાઇફ સ્ટાઇલ સેમિનાર દરમિયાન યોજાયેલ રથયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ઉપસ્થિત ભક્તજનો

હાઉસ ઓફ લોર્ડસ ઇંગ્લેન્ડના લાર્ડ જીતેશ ગઢિયા દ્વારા પૂજ્ય સ્વામીજીના સન્માન પ્રસંગે ઉપસ્થિત ભક્તજનો, પાર્લમેન્ટ હાઉસ-લંડન

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

SGVPને આંગણે યોજાયેલ ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુઓનું પૂજન કરતા સંતો, ઉપસ્થિત ગુરુકુલ પરિવાર

ગુરુપૂર્ણિમા મહોત્સવ, વડતાલ

ગુરુપૂર્ણિમા મહોત્સવ, સવાનાહ

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052, Editor : Parshad Shamjibhagat
છૂટક અંક રૂા. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-